Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

मोक्षार्थिना प्रत्यहं ज्ञानवृद्धिः कार्या ।

# શ્રી જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું ] [ અંક ૧ લો

કાર્તિક

ઇ. સ. ૧૯૫૧ ૫ મી નવેમ્બર

વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

પ્રગટકર્ત્તા—

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા

ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# શ્રી જૈન ધર્મ પ્રકાશ.

બહારગામ માટે બાર અંક ને પોસ્ટેજ સાથે વાર્ષિક લવાજમ ૩-૪-૦

પુસ્તક ૬૮ મું અંક ૧ લો. } કાર્તિક { વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## अनुक्रमणिका


૧. વીર-માર્ગ ... ... ... (મુનિરાજશ્રી ચંદ્રપ્રભસાગર) ૧

૨. "જૈન ધર્મ પ્રકાશ"ની દીવાળી ...(શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') ૨

૩. અભિનંદનાત્મક 'પ્રકાશ'ની ભાવોર્મિ (શ્રી મગનલાલ મોતીચંદ શાહ 'સા.પ્રે.') ૪

૪. વ્યતીત વર્ષ અને નૂતન વર્ષ ...(શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી) ૬

૫. અયોગ-વ્યવચ્છેદદ્વાત્રિંશિકા પદ્ય-ગદ્યાનુવાદ ... ... ... (પંન્યાસશ્રી ધુરંધરવિજયજી ગણિ) ૧૦

૬. વિચારકર્ણિકા : મૂંઝવણ, સરિતાનાં નીર, કાર્ય-કારણ ... ... (મુનિરાજશ્રી ચન્દ્રપ્રભસાગરજી) ૧૨

૭. પરમાત્માની દીવાળી ... (શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર') ૧૪

૮. સાહિત્યવાડીનાં કુસુમો : ક્ષપકશ્રેણીનો મુસાફર ... ... ... (શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી) ૧૭

૯. સમાધિ-સોપાન ... ... ...(સં. ડો. વલ્લભદાસ નેણશીભાઇ) ૨૨


### નવા સભાસદ

૧. શ્રી કાન્તિલાલ છગનલાલ શાહ ભાવનગર લાઇફ મેમ્બર

## આભાર

છેલ્લાં ત્રણ વર્ષથી તેમજ આ વર્ષે શ્રી ઊંઝા ફાર્મસી લિમિટેડનો માલીક શ્રી **ભોગીલાલભાઇ નગીનદાસ**, જેઓ આપણી સભાના લાઇફ મેમ્બર પણ છે, તેમના તરફથી સં૦ ૨૦૦૮ કાર્તિકી પંચાંગ સભાના સભાસદો તેમ જ **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** માસિકના ગ્રાહક બંધુઓને ભેટ તરીકે આપવા માટે મળ્યા છે. તેઓશ્રીની સભા પરત્વેની હાર્દિક લાગણી માટે આભાર વ્યક્ત કરવામાં આવે છે.

### શ્રી પાર્શ્વનાથ પંચકલ્યાણક પૂજા.

**[ નવી આવૃત્તિ-અર્થ સાથે ]**

સભા તરફથી ઉપરોક્ત પૂજા બહાર પડેલ, તે ઘણા સમયથી શીલકમાં ન હોવાથી તેની આ સુધારેલી નવી આવૃત્તિ બહાર પાડવામાં આવી છે. પૂજાનો અર્થ સ્વ. શ્રી કુંવરજીભાઇનો લખેલ હોવાથી સમજવામાં ઘણી જ સરલતા રહે છે.

કિંમત પાંચ આના. પોસ્ટેજ અલગ. લખો.

શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# જૈન ધર્મ પ્રકાશ

પુસ્તક ૬૮ મું. અંક ૧ લો : કાર્તિક : વીર સં. ૨૪૭૮ વિ. સં. ૨૦૦૮

## વીર–માર્ગ

વીર થજો, ઓ મારા પુત્રો ! વીર થજો નરવીર થજો;
ધીર થઇને, ધર્મ ધરીને, અમર પંથના પથિક થજો....૧

કોઇ કદી જો તુમ માર્ગમાં, કંટક લાવીને નાખે;
તો પણ અહીં કદી ન ડરતા, એ કંટક પુષ્પો થાશે....૨

હર્ષ–શોક કે સુખ–દુઃખકેરાં, વાદળ જીવનમાં આવે;
મસ્તીભર્યું એક હાસ્ય કરો તો, એ સઘળાં મૃત્યુ પામે....૩

રહો નિરંતર અડોલ નિશ્ચલ, શ્રદ્ધા મનમાં સહુ લાવો;
આત્માનો પડકાર ઝીલીને, મુક્તિ–મંદિરમાં આવો....૪

—ચન્દ્રપ્રભસાગર

For Private And Personal Use Only

## "શ્રી જૈનધર્મપ્રકાશ"ની દીવાળી

( શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર' માલેગામ )

શ્રી વીર પરમાત્માતણા આત્માતણી દીપાવલી,
જે સચ્ચિદાત્મક મોક્ષ વરીયો આત્મરૂપે જઈ મળી;
એ પૂર્ણતાને પામિયો પ્રગટી દિવાળી ઝળહળી,
સહુ પાળીએ એ પર્વવર અજવાળતા દીપાવલી. ૧

ભો ! કવિવરો આવો જગાવો કાવ્યપ્રતિભા નિજતણી,
રસથાળ નવનવ મધુર રુચિકર પિરસજો વાચકભણી;
પ્રગટાવજો શુચિ આત્મદીપક વાચકોના પ્રાતમને,
શુચિ જ્યોતિમય કરજો શુભંકર **જૈનધર્મ પ્રકાશને.** ૨

પંડિતવરો રચના પ્રબંધો બોધદાયક સર્વને,
નવિના પ્રકાશી આત્મદેશો સ્ફૂર્તિ આપો આત્મને;
કેઇ ભવ્ય પામે બોધણીજો મુક્તિસુખ વરવાતણે,
એવા સુબોધક લેખ અર્પો **જૈનધર્મ પ્રકાશને.** ૩

સંશોધકો શોધો તમે મણિકર્ણિકાઓ શાસ્ત્રની,
દાખો સહુને વિવિધ રંગે ચમકતી જ્ઞાનીતણી;
જેમાં રહસ્યો ગૂઢ મોટા ગુપ્ત પ્રગટિત સર્વને,
શોભા અલંકૃતિ અર્પવા શ્રી **જૈનધર્મ પ્રકાશને.** ૪

વાચકજનો સહુ વાંચજો પ્રતિમાસ માસિક પત્રને,
એકાંતમાં વાંચી ઉપદેશ દેજો આત્મને;
નિજ બંધુભગિની જનતણે વંચાવજો ધરી ભાવને,
સામાયિકોમાં વાંચજો શ્રી **જૈનધર્મ પ્રકાશને.** ૫

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

લક્ષ્મીધરો ! લક્ષ્મીતણો ઉપયોગ લ્હાણી જ્ઞાનની,
કરવા કરો તેથી વધે છે પુણ્યરાશિ અતિ ઘણી;
પોતે થઇ ગ્રાહક કરો બીજા સહુ નિજ બંધુને,
આશ્રય બહુવિધ આપજો શ્રી **જૈનધર્મ પ્રકાશને.** ૬

**આચાર્યવર્યો ! મુનિજનો ! આશીશ મનથી આપજો,**
શુભ જ્ઞાનનો સુપ્રકાશ ઘર ઘર પ્રગટવા ઉપદેશજો;
એ જ્ઞાન લ્હાણી વિવિધ સુંદર અર્પવા સહુ ભવિકને,
વિસ્તારજો પ્રતિ જૈન ઘરમાં **જૈનધર્મ પ્રકાશને.** ૭

મધુ કાવ્ય ઘૃતના પૂર સમ અતિ મધુર કાવ્યરસે ભર્યા,
બહુવિધ પ્રબંધો આત્મદીપક શાંતિના જેમાં ધર્યા;
સત્શાસ્ત્રશોધન મધુર વાર્તા જેહ ગમતા સહુતણે,
ઘર ઘર વિષે પ્રગટાવજો શ્રી **જૈનધર્મ પ્રકાશને.** ૮

શુભ ભાવવાહી શબ્દરચના બહુ અલંકારે ભર્યા,
જે વાંચવાથી ભવિકજનના સંશયો દૂરે હર્યા;
પ્રગટ્યા અહો વિજ્ઞાન-દીપો તિમિરહર ગગનાંગણે,
એવા સુજન જનમાન્ય વાંચો **જૈનધર્મ પ્રકાશને.** ૯

શુભ દેવ ભાષા દેશ ભાષા મધુરરસ તરબોળ છે,
પિરસે ચમત્કૃતિ વિવિધ વિષયો ચર્ચતી સુંદર દિસે;
જે વાંચતા પ્રગટે હૃદયમાં દિવ્ય દીપક સહુતણે,
વાંચી તમે વંચાવજો શ્રી **જૈનધર્મ પ્રકાશને.** ૧૦

પ્રતિમાસ પ્રતિઘર જ્ઞાન સુંદર આપતું માસિક ભલું,
જીવો નિરંતર અધિક વધતું પુષ્ટ સુંદર હો ભલું;
બહુ ભાવજો સહુ પ્રિય સુજનને સ્વાદ વધતો લોકને,
**બાલેંદુની** ઇચ્છા સમર્પિત **જૈનધર્મ પ્રકાશને.** ૧૧



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અભિનંદનાત્મક "પ્રકાશ"ની ભાવોર્મિ

લેખકઃ—શ્રી. મગનલાલ મોતીચંદ શાહ, "સાહિત્યપ્રેમી"

( ઓધવજી સંદેશો કહેજો શ્યામને–એ રાગ. )

નવા વર્ષના નવલ પ્રભાતે પાઠવું, "સાલ મુબારક" નો સંદેશો ખાસ જો;
સુખ સંપત્તિ ને આબાદી ભોગવો, દિનદિન વધજો શાંત શુભ ઉલ્લાસ જો. નવા૦ ૧

પ્રવેશ પામું અડસઠમાં હું આજથી,
સદ્‌ભાવે કાંઇ કહેવા ઊર્મિ થાય જો;
અનુભવમાં આવેલું સંક્ષેપે કહું,
સદ્ધર્મમાં સર્વ વસ્તુ સમાય જો...........નવા૦ ૨

નીતિમય જીવનના લાભો જાણવા,
જગમાં જેનું છે ઊંચું બહુ સ્થાન જો;
કળા–કૌશલ્યના આ નવ યુગમાં,
હંકારો સૌ તમ જીવનનાં નાવ જો...........નવા૦ ૩

સદ્ વિદ્વાનો ઉદાસીનતા તજે,
રાખે જનતા એ વિદ્યાની આશ જો;
લક્ષ્મીવંતો લક્ષ્મીના સૌભાગ્યથી,
બંધુજનને ન કરે કદી નિરાશ જો...........નવા૦ ૪

પેટ્રન, પ્રમુખ ને દાનવીરનાં નામનાં,
સહેજે સ્મરણ આ પ્રભાતે થાય જો;
ગુણવાન ગ્રાહકોની વૃદ્ધિએ કરી,
આનંદ સાચો અંતરમાં ઉભરાય જો...........નવા૦ ૫

મંત્રી તંત્રી અને વળી સહુ સભ્યનો,
મળ્યો હમેશાં બહુ સુંદર સહકાર જો;
ગદ્ય પદ્યના લેખકોના નામનો,
માનું છું હું હૃદયથી ઉપકાર જો...........નવા૦ ૬

શો સુંદર સહકાર તમારો વર્ણવું ?
મીઠાં જેનાં ફળ આજે ચખાય જો;
સાહિત્ય–પ્રકાશન બહોળું સાંપડ્યું,
વિદ્વાનોની વિદ્વત્તા વખણાય જો...........નવા૦ ૭



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

જ્ઞાન ક્રિયામાં જીવન સાથે જોડજો,
એકાંતે આગ્રહ કદી નહિ યોગ્ય જો;
આગમ વાણી સાચી જિનવર દેશના,
સાચી શ્રદ્ધામાં વાળજો યોગ જો............નવા૦ ૮
જયાં ધર્મો ત્યાં ધર્મ સમાયો જાણવો,
સચ્ચારિત્ર છે ધર્મીનું અંગ જો;
શોભાવે છે જ્ઞાન દર્શને સજ્જનો,
તેણે જાણ્યો આ જીવન પ્રસંગ જો............નવા૦ ૯
સાહિત્યના અભ્યાસી સૌ શોભજો,
કદી ન કરશો અપસાહિત્ય સંગ જો;
બગડ્યાં જીવન દુર્બુદ્ધિના કારણે,
સાચું સાહિત્ય એ શુદ્ધિ પ્રસંગ જો..........નવા૦ ૧૦
નવયુવક ને સન્નારીના વર્ગનાં,
સાચા સાહિત્યની આપે ભેટ જો;
સૌભાગ્ય સુધારી સમાજ દીપી નીકળે,
નવા વર્ષની આ છે ઈચ્છા એક જો..........નવા૦ ૧૧
દ્રવ્ય ક્ષેત્ર ને કાળ પ્રમાણે વર્ત્તના,
આજે ઊંડું ઐકય મૂલ અંકાય જો;
વિભક્ત ભાવે ઘેરી સકળ સમાજને,
ઇચ્છું આજે એ ભાવો સંધાય જો...........નવા૦ ૧૨
મારા તારાના ભેદો સૌ મૂકીને,
વીર સંઘને સ્થાપો સર્વે સંત જો;
દેશવિદેશે જૈન ધ્વજા ફરકાવવા,
દીર્ઘ સમયનો છોડી દો ને તંત જો..........નવા૦ ૧૩
દીનબંધુની રક્ષા માટે દોડજો,
કદી ન કરશો કોઈ પળે પ્રમાદ જો;
કદાગ્રહને છોડી સૌને ભેટજો,
સાંભળજો અંતરના તેના નાદ જો...........નવા૦ ૧૪
નવલો સંવત્સર સુખમાં સૌ ગાળજો,
રિદ્ધિ સિદ્ધિ ને ધર્મધ્યાન ભરપૂર જો;
સંપ સત્ય ને વાણિજ્યના વાસથી,
"પ્રકાશ"ની એ ભાવોર્મિ મશહૂર જો...........નવા૦ ૧૫



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# व्यतीतवर्ष अने नूतनवर्ष

**શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશી**

વિક્રમ સંવત ૨૦૦૮ ના મંગળમય પ્રભાતે **"શ્રી જૈન ધર્મ પ્રકાશ"** સડસઠ વર્ષની દીર્ઘ વય વ્યતીત કરી અડસઠમા વર્ષમાં પ્રવેશ કરે છે. માસિકના આવા દીર્ઘઆયુષ્યનું માન સ્વર્ગસ્થ શ્રી કુંવરજીભાઈને આભારી છે. તેમનો અમર આત્મા, સ્થૂળ દેહ વિલય થયા છતાં, માસિક અને સભાને નિરંતર પ્રેરણા આપી રહ્યો છે.

વ્યતીત વર્ષમાં અનેક ધાર્મિક, રાજકીય, આર્થિક અને સામાજિક પરિવર્તનો થયા છે.

રાજકીય વાતાવરણ આખા વર્ષ દરમ્યાન ઘણું ક્ષુબ્ધ અને કલુષિત રહેલ છે. મહાન્ સત્તાઓ વચ્ચે ઘર્ષણ ચાલુ રહેલ છે. એક બીજા પ્રત્યે અવિશ્વાસ અને એક બીજાને હલકા પાડવાની વૃત્તિ અને પ્રવૃત્તિ ચાલુ છે. એશિયા જેવા પરતંત્ર, અજ્ઞાન, નિર્ધન પ્રજામાં જાગૃતિ આવતી જોવામાં આવે છે, જેને પરિણામે યુરોપીયન અને અમેરિકન જેવા મૂડીવાદી અને સામ્રાજ્યશાહી માનસ પ્રત્યે એશિયાની પ્રજામાં તિરસ્કાર ઊભો થતો જોવામાં આવે છે. જેનો પ્રતીકાર કરવા જતાં મૂડીવાદી દેશો સાથે કલહ અને યુદ્ધનું વાતાવરણ દિનપ્રતિદિન વધતું જાય છે. ઇરાન સાથે ઇંગ્લેંડની તેલ–પેટ્રોલ કંપનીને મોટો વાંધો પડ્યો છે. ઇરાન તેલનો આખો ઉદ્યોગ પોતાના દેશના હિત માટે હાથમાં લેવા માગે છે, ઇંગ્લેંડને તેથી મોટી આર્થિક ખોટ આવે છે. આ ઝઘડાને અંત આવ્યો નથી. ઇજીપ્ત પોતાના મુલકમાં ઇંગ્લેંડનું પરદેશી સૈન્ય સુએઝ કેનાલમાંથી ઉઠાવી લેવા આગ્રહ કરે છે, જે હકીકત ઇંગ્લેંડ અને અન્ય યુરોપીયન દેશોને પાલવતી નથી. પરિણામ વિપરીત આવવા સંભવ છે. ટૂંકામાં એશિયાના મધ્યપૂર્વના દેશોમાં પ્રજા જાગ્રત થતાં સ્થાપિત હક્કો સાથે મોટા વાંધા પડ્યા છે. ચીન સાથે તો અમેરિકાનો ઝઘડો ઊભો જ છે. કોરીયાના યુદ્ધનું કાંઇ પરિણામ આવ્યું નથી. આ બધા સવાલોના નિરાકરણ માટે જ્યાંસુધી મોટા દેશોની સ્વાર્થવૃત્તિ ઓછી નહિ થાય ત્યાં સુધી સુલેહ કે શાંતિ જગતમાં થવા સંભવ નથી. હિંદુસ્તાન અને પાકીસ્તાન વચ્ચેનો કાશ્મીરનો ઝઘડો ઊભો જ છે, તે ઝઘડાનો શાંતિપૂર્વક ઉકેલ નહિ થાય ત્યાંસુધી ભારત અને પાકીસ્તાન વચ્ચે એકતા થવાનો જરાય સંભવ નથી. બંને દેશોને લશ્કરના ખર્ચ માટે મોટી રકમો ખરચવી પડે છે, અને પરિણામે દેશના કોઇ રચનાત્મક કામ તરફ પૂરતું લક્ષ્ય આપવા સમય નથી કે ખર્ચવાની રકમ રહેતી નથી.

બર્મા, ઇંડોચાઇના વિગેરે દેશોમાં પણ એવી જ સ્થિતિ છે. મલાયામાં પણ ત્રાસદાયક લશ્કરી પ્રવૃત્તિ ઇંગ્લેંડ ચાલુ રાખવા માગે છે.

ટૂંકામાં આખા જગતમાં એવી પરિસ્થિતિ વર્તે છે કે–એક બાજુ અમેરિકા જેવા સાધનસંપન્ન દેશો પુષ્કળ નાણું અને સાધનો ઊભા કરતાં જાય છે, તેને પરદેશમાં ખપાવવા માટે એશીયા જેવા દેશની નિર્ધન, અજ્ઞાન પ્રજામાં માર્કેટો



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જોઇએ છીએ. આ પ્રજામાં જાગ્રતિ આવી છે એટલે તેનો સામનો કરવામાં આવે છે, અને રશિયા જેવા દેશનો સામ્યવાદ દિનપ્રતિદિન પગભર થતો જાય છે. જગતનો આખો પ્રવાહ સામ્યવાદ તરફ વળતો જાય છે.

હાલમાં ઇંગ્લેંડમાં પાર્લામેંટની સામાન્ય ચુંટણી થઇ છે. મજૂર પક્ષને રૂઢિચુસ્ત પક્ષ કરતાં ત્રીશેક બેઠક ઓછી મળી છે. એટલે હવે રૂઢિચુસ્ત પક્ષ સત્તા ઉપર આવ્યો છે. તે પક્ષના અગ્રેસર શ્રી ચર્ચિલ સામ્રાજ્યવાદના વિચારના છે. તેઓ ભારતને સ્વતંત્રતા આપવાના વિરોધમાં હતા. હવે તેના નેતૃત્વ નીચે ઇંગ્લેંડનું રાજકારણ કેવું સ્વરૂપ લે છે તે જોવાનું રહે છે. ચર્ચિલના શાસનકાળમાં ભારતે વધારે જાગ્રત અને સંગઠનશીલ રહેવું પડશે.

હિંદુસ્તાનમાં પણ એ જ સ્થિતિ છે. આપણા ઉદ્યોગપતિઓ અને મૂડીદારો કરોડો રૂપિયા એકઠા કરે છે, પૈસાને જોરે રાજ્યમાં પોતાની સત્તા જમાવે છે, જ્યારે સામાન્ય માણસને નથી મળતું ખાવાનું અને નથી મળતા પહેરવાનાં કપડાંઓ કે નથી મળતાં રહેવાના ઘરો. ભારતમાં નવી ચૂંટણી થવાની છે. તેનું પરિણામ ગમે તે આવે પણ લોકોનો મૂડીવાદ તરફનો તિરસ્કાર તો અવશ્ય પરિણામમાં દેખાવાનો છે. જગતની અશાંતિનું કારણ આર્થિક અસમાનતા છે. આર્થિક સમતુલા રહી નથી. ભારતની આપણી અશાંતિનું કારણ હાલનો યંત્રવાદ છે. સો માણસ ઉત્પન્ન ન કરી શકે એટલો માલ એક માણસ યંત્રોથી ઉત્પન્ન કરી શકે છે. પરિણામે લાખો માણસ બેકાર બને છે. ગામડાનાં ઉદ્યોગો નાશ પામે છે, વસ્તી શહેરમાં એકઠી થાય છે, જેને પરિણામે બધા અનિષ્ટો આવે છે. આવા યંત્રવાદના જમાનામાં માણસમાં માણસાઇ રહેતી નથી. ફક્ત યંત્રની જેમ કામ કરવાનું માનસ ઉત્પન્ન થાય છે. નૈતિક અને આધ્યાત્મિક ગુણો નાશ પામે છે. આ યંત્રવાદનો સામનો કરવાને મહાત્માજીએ જે માર્ગ બતાવ્યા છે,–ગ્રામ ઉદ્યોગો સ્થાપવા, તેવા પ્રકારની કેળવણીની વ્યવસ્થા કરવી, લોકોને ગ્રામ્ય જીવન તરફ આકર્ષવા, લોકોનું જીવન સંતોષી, સાદું અને સુખી થાય તેવી યોજનાઓ કરવી–આ બધા માર્ગો તરફ જગત ધ્યાન નહિ આપે અને હાલમાં ચાલે છે તેવો એક બીજાના ગળા કાપે તેવો ઉદ્યોગવાદ આવશે તો શાંતિને માટે કાંઇ માર્ગ નથી. આપણા તીર્થંકરો અને મહાત્માઓએ તેટલા જ માટે અહિંસા, અપરિગ્રહના નિયમો બતાવ્યા છે. તે સનાતન નિયમો તરફ પાછા વળ્યા સિવાય જગતની શાંતિ માટે બીજો રસ્તો નથી. મહાત્માજીનો ચોક્કસ નિર્ણય એવો હતો કે જગતની શાંતિ માટે માનવીનો આધ્યાત્મિક વિકાસ આવશ્યક છે. જ્યાં સુધી માણસોમાં વિશ્વબંધુત્વની ભાવના નહિ થાય, એક બીજાનું આંચકી લેવાની વૃત્તિને સ્થાને સૌની સાથે વહેંચીને ખાવાની ભાવના નહિ થાય ત્યાં સુધી જગતમાં ચાલતા કલહનો અંત નહિ આવે, દિનપ્રતિદિન કલહ વધતો જશે અને પરિણામ ભયંકર આવશે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જૈન જગતમાં પણ શાંતિ પ્રવર્તતી જોવામાં આવતી નથી. ઉપર ઉપરથી જૈન સમાજ પૈસાદાર અને સુખી જણાય છે. થોડા ઘણા તવંગર માણસો જેઓને અકસ્માત મોટી સમૃદ્ધિ પ્રાપ્ત થયેલ છે. અને તેનો આડંબર જગતમાં જૂદા જૂદા સ્વરૂપે કરવામાં આનંદ માને છે, તેઓના દાખલા ઉપરથી ખોટો ભ્રમ ઊભો થાય છે. જૈન સમાજ સુખી છે પણ ઊંડાણથી જોતાં એ એક ખોટી માન્યતા છે. આપણામાં મોટો વર્ગ મધ્યમ અને ગરીબ માણસોનો છે. સેંકડે બે પાંચ ટકા પૈસાદાર હશે. મધ્યમ વર્ગનો મોટો ભાગ બંને બાજુથી ભીંસાય છે. આવક વધતી નથી અને ખર્ચો વધતા જાય છે. ગામડા છોડી મુંબઈ જેવા મોટા અસુખકારી જીવનમાં રહેવા આવવું પડે છે. ગામડાઓમાં આપણા ભાઇઓની જે પ્રતિષ્ઠા હતી, મહાજન તરીકે ઓળખાતા હતા, સુખી સંતોષી અને ધાર્મિક જીવન ગાળતા હતા, તેને સ્થાને મોટા શહેરોમાં હડધૂત જીવન ગાળવાનું રહે છે. મધ્યમ વર્ગની આવી સ્થિતિ તરફ આપણા સમાજના સમજદાર વર્ગનું લક્ષ્ય ખેંચાયું છે, તે ખુશી થવા જેવું છે. ગયા વર્ષમાં જૂનાગઢમાં જે કોન્ફરન્સ ભરાણી તેમાં મધ્યમ વર્ગના ઉદ્ધારનો સવાલ કેંદ્ર સ્થાને રાખવામાં આવ્યો હતો. સારું ફંડ પણ થયું હતું અને યોજનાઓ પણ ઘડી કાઢવામાં આવી, પણ મધ્યમ વર્ગનો સવાલ એટલો વિશાળ અને ગંભીર છે કે થોડા દિવસની મંત્રણાથી કે થોડા ઘણા પૈસાની મદદથી તેનો ઉકેલ થવો મુશ્કેલ છે. તે સવાલ તો જૈન સમાજના વિચારકો અને હિતેચ્છુઓએ આ સમયનો મુખ્ય સવાલ બનાવી બીજા સવાલો ગૌણ કરવા જોઇએ. આપણા ઉપદેશકો અને પૂજ્ય મુનિમહારાજાઓએ આ સવાલની ગંભીરતા વિચારવી જોઇએ. અત્યારે જે ધાર્મિક ક્રિયાઓ અને અનુષ્ઠાનોમાં અઢળક દ્રવ્ય ખર્ચાય છે, તેની અનુમોદના અને ઉપદેશ આપવામાં આવે છે, તેને ગૌણ કરી સીદાતા શ્રાવક શ્રાવિકા ક્ષેત્રો પલ્લવિત કરાવવા જોઇએ. જ્યા સુધી ધર્મને સમાજ સાથે સંબંધ છે, અને સમાજને જગત સાથે સંબંધ છે, ત્યાં સુધી કોઇ ધર્મ કે ધર્મના અનુષ્ઠાનો, જગતના પ્રવાહોથી તમે નિરાળા કરી શકો નહિ. સમાજ શક્તિશાળી સમૃદ્ધ ન હોય તો તે સમાજનો ધર્મ પણ તેવો જ બાહ્ય આડંબરવાળો થઈ જશે. જગતના ધર્મના ઈતિહાસો જોવાથી આ હકીકતની પ્રતીતિ થશે, માટે આપણે સૌએ જૈન સમાજની સ્થિતિ તરફ દુર્લક્ષ્ય આપી એકલા ધર્મ ધર્મનો વાતો કરવી તેમાં કાંઇ અર્થ નથી.

દેશ-કાળને સમજનાર આચાર્ય મહારાજાઓનું લક્ષ્ય પણ આ બાજુ ખેંચાયું છે. પાલીતાણામાં આ. શ્રી વિજયવલ્લભસૂરિજીના સંચાલકપણા નીચે આચાર્ય મહારાજો અને મુનિમહારાજાઓની સહી સાથે જે નિર્ણયો શ્રમણસંઘે મંજૂર કરી અખિલ શ્રમણસંઘને એકઠો કરવાની જે તત્પરતા બતાવી છે, તે સાચી દિશામાં એક શુભ પગલું છે. આ પ્રમાણે થાય તો એક બીજા વચ્ચેનું વૈમનસ્ય દૂર થાય અને તીથીચર્ચા જેવા નાના નાના ઝઘડાઓનો અંત આવે અને સમાજ

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અને ધર્મને ઉન્નત કરવાના માર્ગો શોધી કાઢવામાં આવે. ભારતીય સ્વયંસેવક પરિષદનું કામ પણ સ્તુત્ય છે. યુવકોને તેમનું કર્તવ્ય બતાવવાને અને બજાવવાને હાકલ કરે છે. દરેક સમાજમાં યુવકો જ અગ્રેસર ભાગ લઈ શકે છે, યુવકો શક્તિહીન, નબળા હોય તો સમાજ બળવાન થતો નથી. યુવકોએ તો ક્રાંતિકારી સ્વભાવ રાખવો જોઇએ. અને સ્વભાવનો યોગ્ય સમયે ઉપયોગ કરવાની તમન્ના સેવવી જોઇએ.

સાહિત્યના ક્ષેત્રમાં ગયા વર્ષમાં કેટલાંક સારાં પુસ્તકો પ્રગટ થયા છે. ડૉ. ભગવાનદાસ મનઃસુખભાઇનું યોગદૃષ્ટિસમુચ્ચય પુસ્તક ઘણે અંશે યોગની જૈનદૃષ્ટિએ મહત્તા બતાવનાર એક મૌલિક ગ્રંથ છે. આપણા મુનિ મહારાજાઓ પણ સાહિત્યની પ્રવૃત્તિમાં સારો રસ લે છે. આચાર્યશ્રી લબ્ધિસૂરિજી મહારાજનો દ્વાદશારનયચક્રનો બીજો ભાગ ઘણી મહેનત અને શ્રમથી તૈયાર થયેલ બહાર પડેલ છે. અત્યારના જમાનાંના માણસોને પ્રિય બને તેવા પુસ્તકો પ્રસિદ્ધ થવા જોઇએ. કમનસીબે આપણામાં એવા લેખકો ઘણા ઓછા મળે છે. જૂના ગ્રંથોના તરજુમા કે અનુવાદો પાછળ પૈસા વિચારીને ખર્ચવા જોઇએ. શ્રી પુણ્યવિજયજી મહારાજે જેસલમેરમાં રહી, સતત શ્રમ કરી, ત્યાંના ભંડારોની જે નોંધ કરેલ છે, તે અદ્વિતીય કાર્ય કરેલ છે-જૈન સાહિત્યની એક મોટી સેવા કરેલ છે, તેમના કાર્યને જૈન સમાજે તન, મન અને ધનથી વધાવી લેવા જેવું છે. સ્વ. શ્રીયુત મોતીચંદભાઇ તરફથી તેઓશ્રીને અર્પણ થયેલ પર્સમાં ઉમેરો કરી મહાવીર વિદ્યાલયને પુસ્તક પ્રકાશન માટે પોણો લાખ જેવી મોટી રકમ સુપરત થયેલ હતી. હાલમાં વિદ્યાલયની કમીટીએ તે માટેની પ્રકાશન-યોજના મંજૂર કરી એક ઠરાવ કર્યો જોવામાં આવે છે, જે ઠરાવ મહાવીર વિદ્યાલયના છેલ્લા ૩૬ મા રિપોર્ટમાં ૭૨ મે પાને પરિશિષ્ટ ૮ તરીકે પ્રસિદ્ધ થયો છે. આપણે આશા રાખશું કે-તે ઠરાવ પ્રમાણે તાત્કાલિક અમલ કરવા કમીટી ચીવટ રાખશે.

છેવટે ગયા વર્ષમાં માસિકમાં જે જે પૂજ્ય મહારાજાઓ તથા વિદ્વાન્ લેખકોએ લેખો મોકલી માસિકને સમૃદ્ધ કરેલ છે તેઓનો આભાર માનવામાં આવે છે. તેઓશ્રીની યાદી આસો માસના અંકમાં વાર્ષિક અનુક્રમણિકામાં આપેલ છે. સ્થળસંકોચને લીધે તેનો વિસ્તાર કરતા નથી. ભવિષ્યમાં આવો જ સહકાર અમારા જૂના લેખકો તરફથી મળી રહે એવી અમારી અભ્યર્થના છે. નવા લેખકો પણ લેખો મોકલતા રહે અને સાહિત્યના ક્ષેત્રમાં રસ લેતા શીખે એવી અમારી ઘણા વખતની ભાવના છે. હું પોતે નાદુરસ્ત તબીયતના કારણે પૂરતા લેખો આપી શકયો નથી, તે માટે મને અસંતોષ રહે છે, પણ અવસ્થા અવસ્થાનું કામ કરે છે. બાકી તો **कालो हि निरवधि विपुला च पृथ्वी** કાળનો અંત નથી અને પૃથ્વી વિપુલ છે-ટૂંકામાં નવીન વર્ષે જગતમાં શાંતિ વર્તો, સર્વ ભૂતગણો સુખી થાઓ અને જૈન સમાજમાં સુખ, શાંતિ અને સમૃદ્ધિ વધે એવી પરમાત્મા પાસે મારી પ્રાર્થના છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# અયોગ-વ્યવચ્છેદ દ્વાત્રિંશિકા

**: પદ્યાનુવાદ :**

( વસંતતિલકા )

અધ્યાત્મજ્ઞાની પણ જે ન શકે પિછાણી,
જોવા સમર્થ નહિં દૃષ્ટિ ન વક્તૃ-વાણી;
શ્રી વર્ધમાન-અભિધાનથી જે જણાતું,
તે આત્મ-રૂપતણી સંસ્તવના કરું હું ॥ ૧ ॥

તારા સ્તવે નથી અશક્ત શું યોગિ-શક્તિ ?
છે ભક્તિ તો મુજ વિષે પણ એજ યુક્તિ;
એવું વિચારી સ્તવના કરું હું તમારી,
છું મૂર્ખ તો પણ નથી અપરાધ-કારી ॥ ૨ ॥

શ્રી સિદ્ધસેનતણી અર્થભરી સ્તુતિ ક્યાં ?
ને આ અશિક્ષિત પ્રલાપ સમી કળા ક્યાં ?
તો એ જતો લથડતો પણ યૂથમાર્ગે,
ના શોકપાત્ર લઘુ બાળ થતો શુભાર્થે ॥ ૩ ॥

જે દુઃખદાયી અતિ દુષ્ટદુરંત દોષ,
ટાળ્યા તમે વિવિધ યુક્તિવડે જિનેશ !
આશ્ચર્ય છે જગતમાં પરતીર્થનાથ,
તેને તમારી અસૂયાથી કરે કૃતાર્થ ॥ ૪ ॥

હે નાથ ! સત્ય વળી તથ્ય બતાવતાં એ,
એવું ન કૌશલ ધર્યું કર્યું જે બીજાએ;
તે શૃંગ અશ્વશિરમાં ઉપજાવનાર,
ચાલાક પંડિત નમું હું હજાર-વાર ॥ ૫ ॥

આ વિશ્વને વિમલ ધ્યાનવડે જ નક્કી,
જીવે કૃતાર્થ કરવા જિન ! તો તું મૂકી;
સ્વ-માંસ દાન દઈ વ્યર્થ દયાળુ એવા,
દેવોનું શું શરણ લે જન ભાનભૂલા ॥ ૬ ॥

પોતે ત્યજી પથ ફસાઇ ગયા ખરાબે,
લોભાવી ખૂબ લઇ જાય તિહાં બીજાને;
ઈર્ષ્યાથી અંધ પ્રલપે બહુ જેમ તેમ,
સન્માર્ગ જાણ-ઉપદેશકને જિનેશ ! ॥ ૭ ॥



For Private And Personal Use Only

આ અન્યના સમીપવર્તિ મતોવડે જે,
પામે પરાજય પ્રભો! તુજઃ શાસન તે;
અન્ધારમાં ચમકતા ખજુઆની જ્યોતે,
આદિત્ય મંડલ વિડંબન તુલ્ય તે છે ॥ ૮ ॥

## ભાવાર્થ :

અધ્યાત્મવેદીઓને અગમ્ય, વક્તાઓને અવાચ્ય અને દૃષ્ટિવંતોને પરોક્ષ, એવા **વર્ધમાન** નામના આત્મસ્વરૂપને હું સ્તુતિમાં ઉતારીશ. ૧

તમારી સ્તુતિ કરવા શું યોગીઓ અશક્ત નથી? ગુણાનુરાગ તો મારામાં પણ અવિચલ છે, એટલા નિશ્ચય કરીને તમારું સ્તવન કરતો આ મૂર્ખજન પણ અપરાધી થતો નથી. ૨

શ્રી સિદ્ધસેનની મહાન્ અર્થભરી સ્તુતિઓ ક્યાં? અને અશિક્ષિત આલાપવાળી આ સ્તુતિ ક્યાં? તો યૂથાધિપતિના માર્ગે રહેલો, ઠોકરો ખાતો તેનો બાળ શોચ-ખેદ કરવા યોગ્ય નથી. ૩

હે જિનેન્દ્ર! આપ જે દુર્જય દોષોને જુદા જુદા ઉપાયોથી અટકાવો છો, આશ્ચર્ય છે કે તે જ દોષોને આપના અપવાદી પરતીર્થના સ્વામીઓ—અન્ય દેવોએ કૃતાર્થ કર્યાં છે, આશ્રય આપીને [illegible] છે. ૪

જે વસ્તુ જેવી છે તેને તેવી જ દર્શાવતા હે સ્વામિન્! તમે તેવી કુશળતા કેળવી નથી. ઘોડાને માથે શિંગડા ઉગાડતા એવા બીજા અભિનવ પંડિતોને નમન હો! ૫

ધ્યાનના બળથી [illegible] ત્રણે જગતને ખૂબ કૃતાર્થ કરતા એવા આપ હોવા છતાં બીજાઓ જે [illegible] કરે છે અને પોતાના માંસનું દાન દઈને વ્યર્થ દયાવાળા કહેવરાવે છે તેનું [illegible] છે! ૬

પોતે ખરાબ માર્ગમાં ફસાઈ પડ્યા છે અને બીજાને ખૂબ લલચાવે છે એટલું તો ઠીક પણ સારે માર્ગે જનારાની, તેને જાણનારાની ને તે માર્ગને દર્શાવનારાની અસૂયાથી આંધળા બનેલા અપમાન કરે છે. ૭

પ્રાદેશિક (સીમાબદ્ધ) પરશાસનોથી આપના શાસનનો જે પરાજય તે તો ખજૂઆ—આગીયાના અજવાળાની પ્રભાના આડંબરોથી સૂર્યમંડલની વિડંબના છે. ૮

પંન્યાસશ્રી ધુરન્ધરવિજયજી ગણિ

# વિચારકર્ણિકા

## મૂંઝવણ

તારે જો સ્મિત કરવું જ હતું તો મારી સામે જોઈને સ્મિત કેમ કર્યું ? અનેકને મૂકી મને સ્મિતમાં ઝડપ્યો ? ઠીક, મને ઝડપ્યો, તો સ્મિતનો અર્થ સમજાવ !

તારું સ્મિત અકારણ તો હોય જ નહિ ! એટલે શંકા જાય છે કે-તારા આ મધુર સ્મિતમાં કોઈ મર્મ કે કટાક્ષ તો ન હોતો ને ? બોલને નાથ ! જલ્દી, બોલ. મારું મન, તારા આ મર્માળા સ્મિતનો ઉકેલ કર્યા વિના અકળાય છે. તું નથી બોલતો, એટલે હું જ પૂછી લઉં. તેં આ કારણે જ સ્મિત કર્યું લાગે છે:

" આ પાગલ, જે સ્વપ્ન છે એને વળગ્યો છે, અને જે નક્કર સત્ય છે એથી આઘો છે ! "

જો આ જ અર્થ તારા મર્માળા સ્મિતનો હોય તો એમ કહે —

" ઓ નાદાન ! સાગરને તરવો હોય તો તણખલાને છોડ ને નાવને પકડ ! "

—પણ તું તો કાંઈ બોલતો જ નથી, અને વીતરાગતાની પ્રસન્નતામાં મગ્ન છે ! નાથ ! આ તો મારે મૂંઝવણ થઈ !

* * *

## સરિતાનાં નીર

શુકલતીર્થના તટ પર સૂર્યે, પોતાનાં કોમળ કિરણો ચારે તરફ પાથરવાની શરૂઆત કરી હતી. કિનારો માણસો વિના નિર્જન હતો. એટલામાં હું ત્યાં જઈ ચઢ્યો. નર્મદાનાં નીર ત્વરિત ગતિએ ચાલ્યાં જતાં હતાં. મને થયું કે— કાંઈક ઉતાવળનું કામ હશે એટલે ઝડપથી ચાલ્યાં જાય છે, પણ જતાં જતાં એ પોતાના હૈયાની એક ગૂઢ વાત કહેતાં ગયાં. એ આકાશના તારા જેવું નિર્મળ સ્મિત કરી બોલ્યા —

માનવી ! તું પ્રમાદી છો, અમો ઉદ્યમી છીએ. તું અનેક દેવમાં આસક્ત છો, અમે એક માત્ર સાગરમાં જ આસક્ત છીએ. તારું ધ્યેય અનિશ્ચિત છે, અમારું ધ્યેય નિશ્ચિત છે. તું વ્યક્તિમાં રાચે છે, અમે સમષ્ટિમાં માચીએ છીએ. તું બીજાના નાના દોષને મોટા કરે છે, અમે બીજાના મોટા દોષને પણ ધોઈને સ્વચ્છ કરીએ છીએ. તારા સમાગમમાં આવનાર ઉજ્જવળ પણ મલિન બને છે,

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



અમારા સમાગમમાં આવનાર મલિન પણ ઉજ્જવળ બને છે! જા, જા. સ્વાર્થી માનવ! જા. તારા ને અમારા જીવન કે વિચારોમાં મેળ ખાય તેમ નથી, એટલે જ તારા સંસર્ગથી દૂર જવા, અમે ઝડપભેર સાગર ભણી જઇ રહ્યાં છીએ.

* * *

## કાર્ય-કારણ

એ મહાવનમાં થઇ હું ચાલ્યો જતો ત્યાં મારી નજર એક મહાસભા પર પડી. વનમાં સભા કોની હોય? વૃક્ષનાં મૂળિયાઓની મહાસભા ભરાણી હતી. અને એ સભામાં અટ્ટહાસ્ય અને કટાક્ષ-હાસ્યની મહેફીલ જામી હતી.

હસતાં મૂળિયાંઓને મેં પૂછયું:—“ઓ ભલાં મૂળિયાં! આજ કાં તમે વ્યંગ-હાસ્ય, કટાક્ષ-હાસ્ય અને અટ્ટ-હાસ્ય કરો છો? તમારે વળી હાસ્ય હોય ખરું?”

મારા આ પ્રશ્નથી સભામાં સ્તબ્ધતા છવાઇ ગઈ. એક અતિ વૃદ્ધ મૂળિયું બોલી ઊઠયું:—“ભાઇ! આજે અમે માનવજાતની અનાવડત અને અજ્ઞાનતા પર હસીએ છીએ. તમે રોજ હસો તો અમે કો'કવાર તો હસીએ ને? જો, અમે જમીનમાં દટાણાં, ધૂળમાં રોળાણાં, અન્ધકારમાં પૂરાણાં અને વૃક્ષને ખુલ્લી હવા અને પ્રકાશમાં મોકલ્યું. આજે એ વૃક્ષ પર ફળો આવે છે ત્યારે, ડાહી કહેવાતી માનવજાત, એ વૃક્ષ અને ફળોને વખાણે છે અને ધન્યવાદ આપે છે. પણ એના ઉત્પાદકને તો સાવ જ ભૂલી જાય છે. અરે! અમને તો સદા અનામી જ રાખે છે ને યાદ પણ કોઇ કરતું નથી.

એટલે, અમને આજે બધાને હસવું આવ્યું કે, જુઓ તો ખરા, આ ડાહ્યા માણસોની ગાંડી બુદ્ધિ!—જે કાર્યને જુએ છે પણ કારણને સંભારતી પણ નથી ને સમજતી પણ નથી!

એમની આ વાત સાંભળી મને ગામડિયા મા-બાપના શહેરી છોકરા યાદ આવ્યા!

—ચિત્રભાનુ ( મુનિશ્રી ચંદ્રપ્રભસાગરજી )

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# પરમાત્માની દીવાળી.

( લેખકઃ—શ્રી બાલચંદ હીરાચંદ 'સાહિત્યચંદ્ર'–માલેગામ )

ભગવાન મહાવીર પ્રભુ દીવાળીની–અમાવાસ્યાની રાત્રે પરમપદને પામ્યા એ ઘટનાને આપણે દીવાળી માની આનંદનું પર્વ ગણી ઉજવીએ છીએ. એ પર્વ શરીરના વિયોગનું પણ આત્માના પરમ વિકાસનું છે. ભવસમુદ્રમાં રખડતા જીવાત્માના પરમાનંદનું, પરમપદ–પ્રાપ્તિનું છે. ઉપાધિનો નાશ થઇ આત્મા સ્વતંત્ર થયો એના કરતા બીજો કયો આનંદ વધારે સુખદ હોય? અનંત જીવો એ પદની પ્રાપ્તિ માટે અનેક જન્મો સુધી અનેક પ્રકારે પ્રયત્નશીલ રહેતા હોય અને સ્ખલના પાછળ સ્ખલના અનુભવી જીવ નિરાશા જ ભોગવતો હોય એવી સ્થિતિમાં કોઇ આત્મા એ સિદ્ધિ મેળવી ઇષ્ટફળ પ્રાપ્ત કરી લ્યે એના કરતા બીજો કયો આનંદ હોઇ શકે? જે સંત પુરુષોએ આત્મા અને અનાત્માનો ભેદ પારખી લીધેલો હોય તેવા પુરુષોને આ આત્માના મહાપર્વનો આનંદ કાંઇક અપૂર્વ જ હોય છે. જડ, પુદ્ગલ કે અનાત્મામાં માચી, તેમાં જ રાચી તેને જ સ્વત: પોતે છીએ એમ માનનારા સામાન્ય માનવોનો આનંદ શી રીતે પ્રગટ થાય? પુદ્ગલાનંદી જીવોનો આનંદ પુદ્ગલોના જ રૂપમાં આવિષ્કાર પામે એ સ્પષ્ટ વાત છે. ઉજાસ, પ્રકાશ કે ઉદ્યોત દીવા સિવાય આપણી પાસે કયાં છે? માનવનો આનંદ આત્માના સાચા અને ચિરપ્રકાશથી શી રીતે પ્રગટ થઇ શકે? આત્માના અલૌકિક અને દિવ્ય પ્રકાશનું પ્રતીક આપણે નાની નાની દીવીઓ પ્રગટાવી પ્રગટ કરીએ છીએ. આત્માનો પ્રકાશ તો અખંડ, દિવ્ય અને અલૌકિક હોય ત્યારે એક દીવીથી તે પ્રકાશનું તુચ્છ આવિષ્કરણ શી રીતે થઇ શકે? એટલા જ માટે જ આપણે જેટલી બને તેટલી વધુ દીવીઓ પ્રગટાવીએ છીએ. અને તે અનંત અખંડનું તુચ્છ અનુકરણ કરવાનો પ્રયત્ન કરીએ છીએ. એ તો આપણી મર્યાદિત શક્તિનું સ્વરૂપ છે. વરસાદમાં અંધારામાં આગિયો નામક કીટક પ્રકાશ તો આપે જ છે, પણ એ પ્રકાશ ઝળહળતા સૂર્યના પ્રકાશની આગળ કેટલો? તેવી જ રીતે પરમાત્માની મુક્તિનો આવિષ્કાર પ્રકાશરૂપે જે રૂપમાં જણાય તેની આગળ નાની દીવીઓ કેટલી તુચ્છ ગણાય એ સ્પષ્ટ રીતે જણાય છે.

ગૃહસ્થાશ્રમના જીવનમાં લગ્ન, પુત્રજન્મ, પૌત્રજન્મ જેવા કેટલાએક આનંદના પ્રસંગો આવે છે. તેવા પ્રસંગે દરેક મનુષ્ય પોતાના ગજા પ્રમાણે પોતાનો આનંદ પ્રગટ કરવાનો પ્રયત્ન કરે છે. પોતાના ઇષ્ટ મિત્રોમાં ભોજન વિગેરે કરાવી અને બીજા પણ સમારોહો યોજી પોતાનો આનંદ પ્રગટ કરે છે. મનના આનંદને બહારના દેખાવથી પ્રગટ કરવાનો એ પ્રયત્ન છે. આત્મિક આનંદ એ રૂપી વસ્તુ નથી, તેથી તેનો આવિષ્કાર કરવા માટે રૂપી પદાર્થોનો ઉપયોગ કરવો પડે છે. એક વ્યક્તિના આનંદની મર્યાદા કેટલી? તેના સગા ઇષ્ટમિત્રો કે લાગતાવળગતા માનવો અને વધુ થાય તો એકાદ ગામ કે પ્રદેશ પૂરતો જ તે આનંદ હોય. પ્રભુ મહાવીરની સાધનાની પૂર્ણાહુતિનો આનંદ કેટલો? એ આનંદની મર્યાદા કોણ આંકી શકે? અને સાથે સાથે એ આનંદની મર્યાદા કેટલી હોય?



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



પ્રભુ મહાવીરના ઉપદેશનો વિસ્તાર આખા ભરતખંડમાં ફેલાએલો હતો અને તેને લીધે એ આત્માની પૂર્ણાહુતિની દીવાળી આખા દેશમાં ફેલાઈ. ઘણાએ અન્ય દર્શનીઓમાં પ્રભુના ઉપદેશનો વિરોધ પ્રવર્તતો હોય છતાં તેમના મોક્ષગમનને લીધે અમાવાસ્યાની કાળી રાત્રિ વિશેષ કાળી બની હતી. અને તેને અજવાળવા માટે એ મહાન્ સિદ્ધિનું પર્વ પ્રજ્વલિત થયું હતું. અને પ્રભુની અમોઘ અને અત્યંત કૃપાળુ વાણીનું અને ઉપદેશનું પરિણામ બધા દેશમાં સર્વ વ્યાપી બન્યું હતું. અને તેને લીધે દીવાળી નિરપવાદપણે આખા દેશમાં મહાઉજ્જવલ પર્વ તરીકે મનાઇ હતી. હજારો વર્ષોનાં વ્હાણા વાઇ ગયા છતા એ પર્વ અખંડિતપણે ચાલુ જ રહ્યું છે. એ એની મૌલિકતાની નિશાની છે.

એ મહાન્ દીપોત્સવી કે મુક્તિ પર્વ સાથે ઐહિક પૂર્ણતાનો સંબંધ જોડી દેવાને લીધે એ પર્વ સર્વમુખી થઇ ગયો છે. વ્યાપારીઓ પોતાના આવાસો સાથે જ પોતાનો વ્યાપાર પણ ઉજાળી લઇ આય-વ્યયના અંકો તારવી લે. મિષ્ટ પકવાનો આરોગે, ઓચ્છવમહોત્સવો કરે અને નૂતન વર્ષારંભ નૂતન ઉમેદ સાથે શરૂ કરે. થએલી ભૂલોને સુધારી નૂતન યોજનાઓ ઘડે. બ્રાહ્મણો, ક્ષત્રિયો કે કૃષિકારો પણ આનંદમાં આવી જઇ પોતાની રીતિએ એ પર્વ ઉજવે, એવું એ પર્વ એ ભારતવર્ષની વિશિષ્ટતા રૂપે અત્યારે પણ ઉજવાઇ રહ્યું છે. પ્રભુ મહાવીર દેવના જગત ઉપર એટલા અનંત ઉપકાર છે કે-એને ભૂલવાનો પ્રયત્ન જગત કરતા છતાં પણ એ ભૂલી શકાય તેવા નથી. સારાંશ સાંસારિક ઘટનાઓ સાથે એ આત્મિક ઘટના ઓતપ્રોત થઇ ગએલી છે. ભવભીરુ મુમુક્ષુ બંધુભગિનીઓ આ દીવાળી પર્વના આત્મિક બાજુ ધ્યાનમાં રાખી પ્રભુનો નિર્વાણ મહોત્સવ તેની લાક્ષણિક પદ્ધતિએ ઉજવે છે. એ વસ્તુ તરફ આપણું દુર્લક્ષ ન થાય એવી સાવચેતી આપણે રાખવી જોઇએ. ઐહિક દૃષ્ટિથી ઉજવાતા પર્વમાં જેમ ઐહિક ઉન્નતિની આપણે અપેક્ષા રાખીએ છીએ તેમ આત્મિક દૃષ્ટિથી ઉજવાતા પર્વમાં આત્મિક ઉન્નતિની માત્રા ઘણી હોય એ સ્વાભાવિક છે. ઐહિક ઉન્નતિ તો અનાજ સાથે ઊગતા ઘાસની પેઠે તેની સાથે સંકળાએલી છે. ઘાસ માટે જુદું વાવેતર કરવાની કાંઇ જરૂર હોતી નથી. ઐહિક લાભ તો અનાયાસે તેની સાથે આવી જ જાય છે, એ વસ્તુ ધ્યાનમાં રાખી આત્મિક ભાવનાનો સંપૂર્ણ આવિષ્કાર કરવાનું કદી પણ ચૂકવું જોઇએ નહીં.

ભગવાન મહાવીર પ્રભુએ પોતાનું આયુકર્મ પણ પૂર્ણ થવાની તૈયારી થઇ ચૂકી છે એવું પોતાના જ્ઞાનબળથી જાણી છેવટની દેશના આપવાનો પ્રારંભ કર્યો. મહાભાગ્યવાન મુમુક્ષુઓએ એ અપૂર્વ પ્રસંગનો પૂરેપૂરો લાભ લીધો. પ્રભુએ જીવ માત્રના કલ્યાણમાર્ગનો બોધ આપ્યો. તેમાં મુખ્યત્વે કરી દરેક મુમુક્ષુએ ચાર પુરુષાર્થ સાધવા માટે પ્રયત્ન કરવાનું માર્ગદર્શન કર્યું હતું. પ્રભુજીએ એ દેશના અખંડ રીતે ૧૬ પ્રહર એટલે ૪૮ કલાક સુધી આપી હતી. પોતાને જે કહેવું છે તેમાંથી રખેને જરા જેવો અંશ પણ રહી ન જાય તેની કાળજી રાખવામાં આવી હતી. આપણે એકાદ બે કલાક બોલતા પણ થાકી જઈએ છીએ. અરે! લાગલાગટ બે કલાક છાનામાના બેસી સાંભળવાનું પણ આપણા

For Private And Personal Use Only

માટે અઘરું થઇ પડે છે. પ્રભુને પ્રાપ્ત શરીરદ્વારા છેલ્લી સેવા કરીલેવાની હતી તે તેમણે પૂરી કરી લીધી. અને અન્તે પોતે બધા કર્મોથી મુક્ત થઇ, કૃતકાર્ય થઈ નિર્વાણ પદને વર્યા. આ ઘટના કરતા આત્માની ઉત્તમમાં ઉત્તમ બીજી કઇ દીવાળી હોઇ શકે? પ્રભુનો આત્મા તો અનંત સુખ, અનંત સૌભાગ્ય અને અનંત પ્રકાશમાં લીન થઇ ગયો. તેનું ગૌરવ અગર તેનું પ્રતીક આપણી પાસે બીજું શું હોઇ શકે? આપણે તો કોડીયા જ પ્રગટાવી પોતાનો આનંદ પ્રગટ કરવાનો હોય. ધન્ય હો તે સત્-ચિત્ અને આનદ-સ્વરૂપ પ્રભુ મહાવીર દેવને! એમની જ પવિત્ર વાણી અને ઉપદેશ ઉપર આપણે નિર્ભર રહી જીવન વીતાવીએ છીએ. એ મહાવીર પ્રભુને કોટિશઃ આપણા વંદન હો!

કરુણાસિંધુ પરમાત્મા મહાવીરે અંતિમ સમયે જે એક મહાન્ કાર્ય કરી જગતને અમર ઉપદેશ આપ્યો છે તેનું આ પ્રસંગે સ્મરણ આવ્યા વિના રહે જ કેમ? પ્રભુના ધર્મમાં પુરુષાર્થનેજ મુખ્ય સ્થાન આપવામાં આવેલું છે. કોઇ પણ આત્માને અન્ય કોઇ ઉપાડીને મુક્તિમાં મૂકી શકે નહીં. દરેક જીવાત્માએ પોતાની ઉન્નતિ પોતાના પુરુષાર્થથી જ સાધી લેવાની હોય. '**નમો અરિહંતાણં**'ની જગે આપણે '**નમો મહાવીરં**' કહી શકીએ નહીં. કારણ વ્યક્તિ કરતાં તે સ્થાન અથવા તે પદવી કે યોગ્યતાને જ નમન કરવાનું હોય. પ્રભુના પરમ શિષ્ય ગણધર ગૌતમસ્વામી હતા. તેમનો પ્રભુ મહાવીર ઉપર અનન્ય રાગ હતો. એ રાગ વ્યક્તિ ઉપર હતો, અર્હત્ પદ ઉપર ન હતો. એમ જાણી પોતાનું નિર્વાણ થતા ગૌતમસ્વામીને ખેદ થશે અને હાથવેંતમાં આવેલું કૈવલ્ય અટકી જશે એમ જાણી પોતા પાસેથી તેમને દૂર ખસેડ્યા. અને પરિણામે પ્રભુનું વીતરાગપણું ગૌતમઋષિના ધ્યાનમાં આવ્યું. એક જ ઝીણો પડદો તૂટવાનો હતો તે તૂટતા ગૌતમ ગણધર કેવલજ્ઞાની થયા. દીવાળીનાં પ્રસંગને અજવાળનારો આના કરતા બીજો કયો દિવ્ય પ્રસંગ હોઇ શકે? અમારા વાંચકોને અનેક સુખદ દીવાળીઓ ઉજવવાનો શુભ પ્રસંગ મળે એ જ શુભેચ્છા!

---

## નૂતન વર્ષે આટલું કરજો!

- મહાપુરુષોની ઋદ્ધિ-સિદ્ધિ ઇચ્છવાની સાથોસાથ મહાપુરુષોની રહેણીકરણીને જીવનમાં ઉતારવા નિશ્ચય કરજો.
- દીવાળીનું પર્વ એ "પ્રકાશ"નું પર્વ છે એટલે સત સાહિત્યરૂપી જ્ઞાનનો વિશેષ ને વિશેષ પ્રકાશ વિશ્વમાં ફેલાય તેમાં સહકાર આપજો.

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સાહિત્ય–વાડીનાં કુસુમો

## ક્ષપકશ્રેણીનો–મુસાફર. (૪)

( લેખકઃ—શ્રી મોહનલાલ દીપચંદ ચોકસી–મુંબઈ )

( ગયા વર્ષના પૃષ્ઠ ૨૩૬ થી ચાલુ )

**નૃત્યકાર કે કળાકાર !**

અહા ! મારા જીવનમાં પણ કેટકેટલી વિચિત્રતાઓ ! પણ એ સર્વ પછી આવો સુખદ અંત–કલ્પનામાં પણ ન ઉતરે એવો છેડો ખરેખર આશ્ચર્યકારી ! કેવલ તીર્થંકર દેવો સિવાય કોના જન્મકાળે આ માનવભવ, એ અનંતકાળથી ભ્રમણ કરતા આત્માનું છેલ્લું સ્ટેશન છે એવી આગાહી થઇ શકે છે? પણ મારા જીવન–નાટકની સમાપ્તિ આટલા સુંદર પ્રકારે થઇ, એમાં જો કોઇપણ મુખ્ય નિમિત્ત હોય તો, સાચે જ મારા ગુરુદેવ.

મગધના પાટનગર રાજગૃહમાં આગમન, એના વિશ્વખ્યાત પાઠક નાલંદામાં–ભારતવર્ષના મહાન્ વિદ્યાધામમાં ચાતુર્માસ કરવાનો નિર્ણય, અને પિતા પોતાના લાડીલા બાળકને સમજાવી–પટાવી જે રીતે સંસ્કારના દાન દે એ કરતાં અધિક વાત્સલ્યથી ગુરુદેવે મને આપેલ રહસ્યમય જ્ઞાન અને એ સાથે એને ફળદાયી બનાવવા સારુ પવિત્ર ક્રિયાનું શિક્ષણ. અરે ! જેમણે આવો અનુપમ ઉપકાર કર્યો છે એવા ગુરુના કાર્યને વીસરી જઇ, પવિત્ર વેશને ટીકાપાત્ર કર્યો. મોહના ઘેનમાં છેલ્લી વિદાય માંગનાર મારા જેવા શિષ્યાભાસ પ્રત્યે પણ રંચમાત્ર અણગમો ન દાખવતાં, ભગવંત પુરુષાદાની શ્રી પાર્શ્વનાથનું જીવન સામે રાખી, અપકારી કમઠ અને ઉપકારી ધરણેંદ્ર પર સમભાવ રાખનાર એ તીર્થપતિના જેવું આચરણ કરી, જે એક કીમતી સૂચના આપી મારો ઉદ્ધાર કર્યો એ મહાત્માના દર્શને જવું એ સૌ પ્રથમ મારું કર્તવ્ય.

સંસારની ઊંડી ગર્તામાં ગબડતા મારા સરખાને એ અંતિમ શિક્ષા ન મળી હોત તો આજે જે કક્ષાએ હું પહોંચ્યો છું તે સંભવી શકત ખરી ?

ઉપર વર્ણવ્યા ઉદ્ગાર કાઢનાર પથિકને ઓળખીએ તે પૂર્વે સ્થાન અને વાતાવરણ સંબંધમાં થોડું જ્ઞાન મેળવી લઇએ. રાજગૃહી નગરીનો આ પ્રદેશ કુદરતી રીતે દર્શનીય છે એટલું જ નહીં પણ નિવૃત્તિના પિપાસુઓને સર્વ પ્રકારે સાનુકૂળ છે. નગરીની બહાર પગ મેલી, થોડો માર્ગ કાપીએ એટલે અર્ધ ચંદ્રાકારે પાંચ નાની ટેકરીઓ એક બીજાથી થોડા અંતરે આવેલી નજરે ચઢે છે. એક બાજુ ત્રણ અને બીજી બાજુ બે અને વચમાં એક ધોરી માર્ગ ફૂટે છે. એનો અનુક્રમ વિપુલગિરિ, રત્નગિરિ, ઉદયગિરિ, સુવર્ણગિરિ અને વૈભારગિરિ.

વિપુલગિરિની તલાટીમાં ઠંડા પાણીના કુંડ છે અને એથી વધારે ટાઢા તેમજ ગરમ પાણીના કુંડો છેલ્લા વૈભારગિરિની તળાટીમાં. કેટલાકમાં અતિ ગરમ, થોડામાં ન્હવાય તેવું પાણી ભર્યું પડયું છે અને એમાંથી મૂકેલા નળદ્વારા સતત વહ્યા કરે છે. આજે પણ નાના–મોટા મંદિરો, આછા પાણીવાળો વહેળો અને શ્રેણિકરાજનો ભંડાર, શાલિભદ્ર



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



શેઠનો કૂપ, જરાસંધનો અખાડો તથા રોહણીય ચોરની ગુફા તથા નંદ મણિકારની વાવ આદિ જૂના સ્થાનો દર્શાવાય છે. જો કે એ જોતાં 'સાપ ગયા ને લીસોટા રહ્યા' જેવું લાગે, છતાં કવિઉક્તિ 'કીર્તિ કેરા કોટડા પાડયા નહીં રે પડંત' મુજબ ભૂતકાળને સ્મૃતિ-પટમાં તાજો જરૂર કરે છે. આપણે તો છેલ્લી ટેકરી વૈભારગિરિ સાથે સંબંધ છે. આમ તો એ પાંચેનું વાતાવરણ નિર્વૃત્તિજનક હોઇ ત્યાગી જીવનવાળાઓ માટે-આત્મચિંતનમાં એકતાર થવાની ભાવનાવાળાઓ સારુ-અતિ માફક આવે તેવું છે. એ સર્વમાં વૈભારગિરિ અગ્રપદે આવે છે. સંતોમહંતોએ વારંવાર એ સ્થાનમાં પગલા પાડ્યા છે અને ધ્યાનમગ્ન બની આત્મકલ્યાણ સાધ્યું છે.

આપણે જે કાળની વાત કરીએ છીએ એ લૌકિક દૃષ્ટિયે નહોતો **કલિયુગ** કે લોકોત્તરમાં જેને પંચમ આરો કહેવામાં આવે છે તે પણ નહોતો. એ તો ચાલુ અવસર્પિણી કાળનો ચોથો આરો **દુઃખમસુખમ** નામનો હતો. જૈનદર્શનમાં કાળને મુખ્ય બે મથાળા હેઠળ વહેંચવામાં આવ્યો છે. એના નામ ઉદય અને અસ્ત અર્થાત્ ચઢતો કાળ અને પડતો કાળ. ઉત્તરોત્તર જેમાં સુખ-સમૃદ્ધિ, આયુ, બળ, શરીરમાન આદિ વૃદ્ધિ પામતા જાય એનું નામ ચઢતો કાળ યાને ઉત્સર્પિણી કાળ, એથી ઊલટું જેમાં એ દરેકમાં હાનિ થતી આવે એનું નામ અવસર્પિણી કાળ. દરેક સર્પિણી દશ કોટાકોટી સાગરોપમ પ્રમાણ હોય છે અને એના છ ભાગ કરવામાં આવેલ છે જે આરાના નામથી ઓળખાય છે. એમાં પહેલો આરો **સુખમ-સુખમ**, બીજો **સુખમ**, ત્રીજો **સુખમ-દુખમ**, ચોથો **દુઃખમ-સુખમ**, પાંચમો **દુઃખમ** અને છઠ્ઠો **દુઃખમદુખમ** નામે કહેવાય છે. અનુક્રમે તે ચાર કોટાકોટી સાગરોપમ, ત્રણ કોટાકોટી સાગરોપમ, બે કોટાકોટી સાગરોપમ, એક કોટાકોટી સાગરોપમમાં બેંતાળીશ હજાર વર્ષ ન્યૂન, એકવીશ હજાર અને એકવીશ હજારના પ્રમાણવાળા છે. આ ગણત્રી આપણા આ ચાલુ કાળ યાને અવસર્પિણી કાળની દૃષ્ટિયે. ઉત્સર્પિણીકાળમાં એથી ઊલટું એટલે પ્રથમના બે એકવીશ એકવીશ હજારના અને ત્યારપછી વૃદ્ધિ પામતા ઉત્તરોત્તર સમજવા. બન્ને સર્પિણી મળી એક **કાળચક્ર** કહેવાય છે. એટલે એના વિભાગોને **આરાની** ઉપમા વાસ્તવિક છે.

મૂળ વાર્તા-પ્રવાહમાં આગળ વધતાં, વૈભારગિરિની તળાટીમાં આવેલ કુંડોને વટાવી ટેકરીના ચઢાણ પર પગ મૂકતાં જે દ્રશ્ય આપણી નજરે ચઢે છે એ ખરેખર અદ્ભુત છે. લીલાં પર્ણોથી શોભતાં, વિવિધ રંગોવાળા, મનોહર અને સુવાસિત પુષ્પોથી અલંકૃત બનેલાં, અને જાતજાતના ફળોથી સભર બની જાણે કોઈ ગંભીરભાવ ધારણ કરી મૂકપણે સંદેશો આપવા ખડા કરાયેલા હોય એવા વૃક્ષોની હાર જોતાં પગથી પર જેમ જેમ આગળ ડગ ભરીએ તેમ તેમ વાતાવરણ તાજગીભર્યું બનતું જાય. એમાં એની ડાળે બેસી કિંવા એક પરથી બીજા પર પાંખો ફફડાવી ઉડ્યન કરતાં પંખીના કર્ણપ્રિય રવ કાને અથડાય ત્યારે કુદરતના પ્રાંગણે સર્જાયેલી આ સામગ્રી આગળ માનવ અગર તેણે માનેલી સુખસાહ્યબી કેટલી પામર છે એનો સહજ ખ્યાલ આવે છે. ધ્યાન અને સમાધિ માટે સંતોએ આવા સ્થળો કેમ પસંદ કર્યા હશે? એ ગહન લાગતા કોયડાનો અહીંનું દ્રશ્ય વિલોકતા ઊકેલ જડે છે.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



રંગભૂમિ પર ઉતારવાનો પ્રયાસ કરતાં આષાઢાભૂતિને અટકાવવા મને વિનંતી કરેલી. મારા શિષ્યોએ પણ એમાં સુર પુરાવી, એના આટલી હદના પતનમાં મારી આચાર્ય તરીકેની નબળાઇ અને એના પ્રત્યે વધુ પડતી છૂટને કારણરૂપ લેખેલાં. મેં એ સર્વને ધીરજ આપી, નાટક પણ એક કળા છે અને અધિકારીના હાથે એનો અમલ થાય તો આશ્ચર્ય-કારક પરિણામ ઉપજાવે છે, એમ કહી તેઓને મૌન રહેવાની સલાહ આપેલી, એનું આજે મીઠું ફળ આવ્યું છે, જે નજર સામે છે.

હવે એક જ વિનંતી કેવલી ભગવંતને, અને તે એટલી જ કે–ભરતચક્રીનું નાટક તેઓશ્રીએ કેમ પસંદ કર્યું એનું સ્પષ્ટીકરણ કરવાની.

દેવાનુપ્રિયો ! હું જે કંઈ કહેવાનો છું એ દેશના નથી પણ મારા જીવનને આટલી ઊંચી કક્ષાએ મૂકનાર મારા આ ગુરુદેવ પ્રત્યેના ઋણુ ચૂકવવા બહાર આણેલા ઉદ્ગાર છે. આજે હું કેવલી બન્યો છું અને સર્વ પદાર્થોનો જ્ઞાતા થયો છું, એના પાયા-માં ગુરુદેવે પકડેલો મારો હાથ શીલાસ્થાને છે. પારસમણિનો સ્પર્શ થતાં જેમ લોઢું સુવર્ણપણાને પામે છે, તેમ મારા જેવા ભમતારામને સધિયારો આપી, સંયમ–જીવનની સૌરભ બતાવી, વિશિષ્ટ જ્ઞાનના અમૃતપાન કરાવી, ક્ષપકશ્રેણીનો મુસાફર બની શકું એવું ઘડતર ઘડી, જે આત્મબળનું મને ભાન કરાવ્યું, એ જ મારા અધોગતિએ પહોંચેલા જીવનમાં, આવો અદ્ભુત પલ્ટો આણનાર ધ્રુવ તારક સમ બન્યું. આમિષ અને મદિરાના ત્યાગ જેવા નિયમે મારા બુડતા વહાણને બચાવ્યું એટલું જ નહીં પણ કાંઠે આણ્યું. એ મહાત્માનો હું જેટલો ઉપકાર માનું તેટલો ઓછો છે.

જેના મોહમાં મેં ભાગવતી દીક્ષા છોડી, સંસાર માંડયો, એ રમણીયુગલે મારા નિયમની હાંસી ઉડાવી, મારા નેત્ર એ વેળા ખુલ્લી ગયા. ગુરુદેવ સાથેનો સહવાસ યાદ આવ્યો. એ વ્યવસાયને છેલ્લા રામરામ કરવાનો મેં નિરધાર કર્યો અને જ્યારે એ વામાઓએ ભાવી જીવનનિર્વાહ માટે એકાદ નાટકની કમાણી આપી જવાની હા પાડી ત્યારે મેં પણ વિચાર કરી એવા નાટકની પસંદગી કરી કે જેમાં સાંસારિક હાવભાવ, શૃંગારના પ્રસંગો, પ્રેમની વાતો ઓછી આવે. ટૂંકમાં કહું તો એ રમણીયુગલ સાથે ભજવવાના પાઠ નામ માત્રનાં હોય જૈન સાહિત્યનો અભ્યાસ ઉપયોગી નિવડયો, પસંદગીનો કળશ ' ભરતચક્રી ' પર ઢળ્યો.

છેલ્લી એક જ વાત. ઘણા નાટકો ભજવ્યા. ખરો કળાકાર એ જ કે પાઠ ભજવતાં એમાં ઓતપ્રોત બને તો જ પ્રેક્ષક સામે સાચો ચિતાર આલેખાય. અરિસા ભુવનનો પ્રસંગ આવ્યો સાચી કળાની યાદ તાજી થઇ. અનિત્ય ભાવના અને એ ભાવતી વેળા ચઢવાની શ્રેણીઓ મનપ્રદેશમાં રમવા માંડી. ગુરુવચન યાદ આવ્યું કે ઉપશમાવનાર આગળ જઇ શકતો નથી. અગીયારમા ગુણસ્થાનકેથી એ પડે છે. વિચાર કર્યો. પડેલો તો છું. વારંવાર કયાં સુધી પડવું ? નિરધાર કર્યો પડવું નથી જ. પકડયો પલ્લો ક્ષપકશ્રેણીનો. ભરતરાજ જેવી ભાવના સાચા અંતરે ભાવી અને જીવનનાટક બરાબર ભજવી જાણ્યું. બરાબર જાણવું અને આચરણમાં ઉતારવું એ સાંભળ્યાનો સાર.

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સમાધિ–સોપાન.

( સં. ડૉક્ટર વલ્લભદાસ નેણસીભાઈ–મોરબી )

( દુષમ કાળમાં અજ્ઞાનરૂપી ઘોર અંધારી રાતને ભેદવા દિવાકર સમાન ન્યાયાચાર્ય પૂ. ઉ. યશોવિજયજી મહારાજકૃત સમાધિ-શતક વિગેરે ઉપરથી પ્રસ્તુત લેખ સંકલિત કરવામાં આવ્યો છે. )

આત્માભિમુખ થયેલ મુમુક્ષુ એવું ચિંતવન કરે છે કે–અહો ! ભારે અનર્થ થઇ ગયો કે અનંતગુણનો ધારક હું સંસારવનમાં અનાદિકાળથી કર્મરૂપી વૈરીવડે સર્વાંશે ઠગાયો. અહો ! અજ્ઞાન ભાવથી કર્મના ઉદયે ઉત્પન્ન થયેલા રાગ, દ્વેષ અને મોહને પોતાનું સ્વરૂપ જાણી ઘોર દુઃખરૂપ સંસારમાં મેં પરિભ્રમણ કર્યું; હમણાં કોઇ કર્મના ઉપશમથી પરમ ઉપકારક જિનેન્દ્રદેવના પરમ આગમના ઉપદેશનો, સત્પુરુષના વચનામૃતોનો મને લાભ થયો, રાગરૂપી તાવ મટ્યો, મોહરૂપી નિદ્રા દૂર થઇ, સ્વભાવ અને પરભાવના જાણપણાનો લાભ થયો. હવે આ અવસરમાં શુદ્ધ ધ્યાનરૂપ તરવાવડે જો કર્મનો નાશ કરી દઉં તો સ્વાધીનતા પામી દુઃખોનો પાત્ર ન થાઉં.

અજ્ઞાનરૂપ અંધકારને આત્મજ્ઞાનરૂપ સૂર્યના પ્રકાશથી હમણાં જ દૂર નહીં કરું તો બીજા કયા ભવમાં હું દૂર કરીશ ? સમસ્ત વિશ્વને જોવા દેખવાને એક અદ્વિતીય નેત્ર મારો આત્મા છે. તેને પણ હમણાં અવિદ્યારૂપ ભૂત–પિશાચે પ્રેરેલા વિષય–કષાય આવરણ કરે છે. આ ઇંદ્રિયના વિષયો અને ક્રોધ–માન–માયા–લોભરૂપ કષાયો મને હિત–અહિતના અવલોકનરૂપ વિવેક રહિત કરનારા છે. આ ઠગોને વશ થઇ હું બહુ ભૂલી ગયો છું. અહો ! આ પ્રાપ્ત થતી વખતે રમણીય પણ અંતે વિરસ એવા પાંચ ઇંદ્રિયોવડે પરમ જ્યોતિસ્વરૂપ સર્વોત્કૃષ્ટ પરમાત્મસ્વરૂપ એવો આત્મા પણ અજ્ઞાનથી ઠગાયો છે.

હું અને પરમાત્મા બન્ને જ્ઞાનરૂપી નેત્રવાળા છીએ, તો પરમાત્મસ્વરૂપની પ્રાપ્તિ માટે હું મારા સ્વરૂપને જાણવાની ઇચ્છા કરું. પરમાત્માના આત્મગુણો તો પ્રગટ છે અને મારા તો કર્મોથી દબાઇ રહ્યા છે. મારામાં અને પરમાત્મામાં ગુણોની અપેક્ષાએ ભેદ નથી. શક્તિ ને વ્યક્તિનો ભેદ છે. પરમાત્મામાં ગુણો પ્રગટ વ્યક્તિરૂપે છે અને મારામાં શક્તિરૂપે છે તેથી પ્રગટ કરવાના છે. કર્મથી ઉત્પન્ન થતો દાહ–અગ્નિ જ્યાં સુધી હું જ્ઞાનસમુદ્રમાં ડૂબકી મારતો ત્યાં સુધી મને બાળે છે, દુઃખ દે છે. નારકી, તિર્યંચ, મનુષ્ય અને દેવના ભવ કર્મના ઉદયે થાય છે પણ તે મારું સ્વરૂપ નથી. હું તો સિદ્ધસ્વરૂપ–નિર્વિકાર સ્વાધીન સુખરૂપ છું. હું અનંતજ્ઞાન–અનંતદર્શન–અનંતવીર્ય–અનંતસુખરૂપ છું તો હવે મોહરૂપ ઝેરી ઝાડને હું શું નહિ ઉખાડી નાંખું ? મારું સામર્થ્ય ગ્રહણ કરી, મારા સ્વરૂપમાં અચલ થઇને માયિક સુખની સર્વ પ્રકારની વાંછાનો ત્યાગ કરી મોહરૂપી ઝેરી ઝાડને મૂળથી ઉખાડી નાંખીશ. મારે મારા સ્વરૂપનો જ નિશ્ચય કરવો જેથી અનાદિ કાળથી મોહરૂપ ફાંસો મારા ગળામાં પડ્યો છે તેને છેદવાનો ઉપાય બને. જે પોતાના સ્વરૂપનેજ ન જાણે તે પરમાત્માને કેવી રીતે જાણે ? તેથી પ્રથમ પોતાના સ્વરૂપનો જ નિશ્ચય કરવા યોગ્ય છે. જે પોતાના સ્વરૂપને જ નહિ જાણે તેની પોતાના સ્વરૂપમાં સ્થિતિ કયાંથી થશે ? અનાદિ કાળથી પુદ્દગલમાં એકરૂપ થઇ રહ્યો છે એવા આત્માને ભિન્ન કેવી રીતે કરશે ? દેહથી આત્માને ભિન્ન



For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir



જાણવારૂપ **ભેદવિજ્ઞાન** થયા વિના આત્માની પ્રાપ્તિ કેવી રીતે થશે? આત્મા પ્રાપ્ત થયા વિના અનંત જ્ઞાનાદિ ગુણોનું જાણવું પણ ન થાય તો આત્મલાભની શી વાત? મોક્ષાભિલાષીઓએ સમસ્ત પુદ્ગલથી ભિન્ન એક આત્મસ્વરૂપનો જ નિશ્ચય કરવો એ શ્રેષ્ઠ છે.

આત્માની ત્રણ પ્રકારે સ્થિતિ છે. બહિરાત્મા, અંતરાત્મા અને પરમાત્મા. જેને બાહ્ય શરીરાદિક પુદ્ગલના પર્યાયોમાં આત્મબુદ્ધિ છે તે બહિરાત્મા છે; તેની ચેતના મોહ-નિદ્રાવડે ઘેરાઇ ગઇ છે. દેહરૂપ પર્યાયને જ પોતાનું સ્વરૂપ જાણે છે. ઇંદ્રિયદ્વારાએ નિરંતર પ્રવર્તન કરે છે. પોતાના સ્વરૂપની સત્યાર્થ ઓળખાણ નથી. દેહને જ આત્મા માને છે. દેવગતિમાં દેવના દેહને પોતાને દેવ, નારકીના દેહમાં પોતાને નારકી, તિર્યંચના દેહમાં પોતાને તિર્યંચ અને મનુષ્યના દેહમાં પોતાને મનુષ્ય જાણી દેહના વ્યવહારમાં તન્મય થઇ રહ્યો છે. દેહરૂપ પર્યાય તો કર્મથી બનેલો પુદ્ગલમય છે. તે જ્ઞાનસ્વરૂપ આત્માથી પ્રત્યક્ષ ભિન્ન છે, તો પણ કર્મના ઉદયમાં આત્મા સ્વપણું માની દેહાદિ પર્યાયમાં તન્મય થઇ રહ્યો છે. હું ગોરો, હું શામળો, હું વૈશ્ય, હું શુદ્ર, હું દાતાર, હું ત્યાગી, હું તપસ્વી, હું મુનિ, ઇત્યાદિ પ્રકારે કાર્યના ઉદયથી થયેલા પરપુદ્ગલના વિનાશિક પર્યાયોમાં આત્મબુદ્ધિ જેને હોય છે તે બહિરાત્મા–મિથ્યાદષ્ટિ છે. શરીરમાં આત્મબુદ્ધિ તે જ આ લોકમાં શરીર સંબંધી જે સ્ત્રી–પુત્ર–મિત્ર–શત્રુ ઇત્યાદિ તેમના પ્રત્યે રાગ–દ્વેષ, મોહ–કલેશાદિ ઉપજાવી, આર્ત્ત–રૌદ્ર પરિણામ સહિત મરણ કરાવી, સંસારમાં અનંતકાળ પર્યંત જન્મ–મરણ કરાવે છે. પુદ્ગલના પર્યાયમાં આત્મબુદ્ધિ છે, તે જડરૂપ એકેન્દ્રિયાદિ પુદ્ગલ પર્યાયમાં અનંતકાળ પરિભ્રમણ કરાવે છે.

બહિરાત્મ બુદ્ધિ છોડી, અંતરાત્માના અવલંબનવડે પરમાત્માપણું પામવાનો પુરુષાર્થ કર્તવ્ય છે. જે જે રૂપ આ જગતમાં જોવામાં આવે છે તે તે સર્વ આત્માના સ્વભાવથી ભિન્ન છે, જડ છે, અચેતન છે. હું જ્ઞાનસ્વરૂપ, ઇંદ્રિયોથી ગ્રહણ કરવા યોગ્ય નથી, પોતાના અનુભવવડે સાક્ષાત્ પ્રત્યક્ષ છું, તો કોની સાથે વચનની પ્રવૃત્તિ કરું? બોલું? અન્ય જનોથી હું સમજાવા યોગ્ય છું અને અન્ય જનોને હું સમજાવું એવા વિકલ્પો પણ ભ્રમરૂપ છે. પોતાના અને પરના આત્માને જાણ્યા વિના કોને સમજાવે અને કોણ સમજે? હું તો વિકલ્પ રહિત એક જ્ઞાતા છું. પોતાના સ્વરૂપને આત્મારૂપે ગ્રહણ કરનાર એવો નિર્વિકલ્પ, વિજ્ઞાનમય કેવલ સ્વસંવેદનગોચર હું છું એમ અંતરાત્મા વિચારે છે. જેવી રીતે દોરડીમાં સાપની બુદ્ધિ થવાથી ભયભીત થઇ મરણના ભયથી દોડવાની–પડવાની ઇત્યાદિ ભ્રમરૂપ ક્રિયા થાય છે, તેવી રીતે મારું પણ પહેલ શરીરાદિકમાં આત્મબુદ્ધિવડે શરીરાદિકના નાશમાં પોતાનો નાશ જાણી ઘણી વિપરીત ક્રિયામાં પ્રવર્તન થયું. દોરડીમાં સાપનો ભય નાશ પામવાથી એટલે દોરડીને દોરડીરૂપ જાણવાથી ભ્રમરૂપ ક્રિયાનો અભાવ થાય છે, તેવી રીતે દેહમાં આત્મબુદ્ધિરૂપ ભ્રમ નાશ પામવાથી આચરણમાં પણ ભ્રમનો અભાવ થાય છે.

મારા સ્વરૂપનો જ્ઞાતા જે હું તેને પૂર્વે કરેલા બધા આચરણ સ્વપ્ન સમાન છે કે ઇંદ્રજાલ જેવાં ગણાય છે. અહો! જ્ઞાની પુરુષના અલૌકિક વૃત્તાંતનું કોણ વર્ણન કરી શકે? જ્યાં અજ્ઞાની પ્રવૃત્તિ કરીને કર્મ બાંધે છે ત્યાં જ જ્ઞાની પ્રવૃત્તિ કરી બાંધેલા કર્મ છોડે છે અને નવાં કર્મ બાંધતાં નથી.

For Private And Personal Use Only

જગતના પદાર્થો તો બધા જેમ છે તેમજ છે, અન્ય પ્રકારે નથી; પરંતુ અજ્ઞાની ભ્રાંતિ કે વિપરીત સંકલ્પવડે રાગી દ્વેષી કે મોહી બનીને ઘોર કર્મના બંધ બાંધે છે. જ્ઞાની પદાર્થનું સત્ય સ્વરૂપ જાણી, પરમ સમતાવાળા વીતરાગભાવે પ્રવર્તતા નિર્જરા કરે છે, દુઃખથી ભરેલા આ સંસારવનમાં પૂર્વે લાંબા કાળ સુધી હું દુઃખ પામ્યો. તે કેવળ પોતાના અને પરના ભેદવિજ્ઞાન વિના જ બન્યું છે. તે સમસ્ત પદાર્થોને પ્રકાશ કરનાર ભેદ-વિજ્ઞાનરૂપ દીપક જાજ્વલ્યમાન છતાં આ મૂઢ લોક સંસારરૂપ કાદવમાં કેમ ડૂબે છે ? પોતાનું સ્વરૂપ પોતાનામાં જ પોતાની મેળે પ્રગટ અનુભવવામાં આવે છે. તેને છોડીને અન્યમાં પોતાને માનીને વૃથા ખેદ કરે છે. અજ્ઞાનીને આ લોકમાં જે જે પર વસ્તુઓ પર વિશ્વાસ છે, પ્રીતિ છે તે બધી આપદાઓનું સ્થાન છે. જે આનંદનું સ્થાન છે તેનાથી તે ભય પામે છે. અજ્ઞાન ભાવનો કોઈ એવો જ પ્રભાવ છે.

બંધનું કારણ તો પદાર્થના જ્ઞાનમાં ભ્રાંતિ છે. અને ભ્રાંતિ રહિત ભાવ તે મોક્ષનું કારણ છે. બંધ થાય છે તે પરના સંગે થાય છે. અને પર દ્રવ્યથી અસંગરૂપ ભેદવિજ્ઞાનના અભ્યાસવડે મોક્ષ થાય છે જે સર્વ ઈંદ્રિયોને વિષયોમાં પ્રવર્તતી અટકાવી ક્ષણ માત્ર પોતાના અંતરાત્મામાં સ્થિર કરે તેને પરમાત્માનું સ્વરૂપ ભાસે છે. તે પરમેષ્ઠીના ( પરમ ઇષ્ટ એવા આત્માનું ) સ્વરૂપનું સ્મરણ કરે છે કે સિદ્ધ આત્મા છે તે રૂપ હું છું; જે મારું સ્વરૂપ છે તે પરમેશ્વર છે તેથી મારા સ્વરૂપથી અન્યની મારે ઉપાસના કરવા યોગ્ય નથી. કોઈ બીજાથી મારી ઉપાસના બનવા યોગ્ય નથી. જે ભ્રાંતિ રહિત થઈને દેહથી ભિન્ન આત્માને નથી જાણતો તે તીવ્ર તપ કરતો હોય તો પણ કર્મના બંધથી જે ભેદ-વિજ્ઞાનરૂપ અમૃત પીવાથી આનંદી બન્યો છે તે જ્યારે તપ કરે તો પણ શરીરના કલેશથી ખેદ પામતો નથી. જેનું ચિત્ત રાગ-દ્વેષાદિ મળોથી રહિત, શુભાશુભ વિકલ્પ રહિત નિર્મળ છે, તે જ પોતાના સ્વરૂપને સમ્યક્ પ્રકારે જાણે છે. અન્ય કોઈ રીતે તે સ્વરૂપ જણાતું નથી. પોતાના ચિત્તને વિકલ્પ રહિત કરવું તે જ પરમ તત્વ છે. વિકલ્પોથી ચિત્ત વિક્ષેપ-વાળું કરવું તે અનર્થ છે, તેથી સમ્યક્ત્વની પ્રાપ્તિ માટે ચિત્તને શુભાશુભ વિકલ્પ રહિત કરવા યોગ્ય છે. જે અજ્ઞાનથી વિક્ષેપ પામેલું ચિત્ત છે, તે પોતાના સ્વરૂપથી છૂટી જાય છે અને ભેદ-વિજ્ઞાનની ( જડ-ચેતનના ભેદજ્ઞાનવાળું ચિત્ત ) વાસનાવાળું ચિત્ત છે તે પરમાત્મતત્વને અનુભવથી સાક્ષાત્ દેખે છે. જો ઉત્તમ પુરુષોનું મન મોહકર્મના પરાધીન-પણાથી કદિ રાગાદિથી પરાભવ પામે તો આત્મતત્ત્વના ચિંતવનમાં ચિત્તને જોડીને રાગા-દિનો તિરસ્કાર કરે છે. અજ્ઞાની આત્મા જે કાયામાં રાગી થઈને રહે છે તે કાયાથી જ્ઞાની મુનિ પોતાની પ્રજ્ઞાના બળે કરીને વિમુખ થઈને ચિદાનંદમય નિજસ્વરૂપમાં જોડાઈને પ્રીતિ તુરત છોડે છે. આત્મભ્રાંતિથી ઉત્પન્ન થયેલું દુઃખ તે આત્મજ્ઞાનવડે જ નાશ પામે છે. આત્મજ્ઞાન રહિત જીવોનું સંસારપરિભ્રમણ ઘોર તપથી પણ છેદાતું નથી. જે રૂપ, આયુષ્ય, કુલ, ધન આદિક સંપત્તિને બહિરાત્મા ઇચ્છે છે તેને અંતરાત્મા ઇચ્છતો નથી. અજ્ઞાની પુદ્ગલાદિમાં આત્મબુદ્ધિ કરીને પોતાને બાંધે છે અને અંતરાત્મા પોતાના સ્વરૂપમાં આત્મબુદ્ધિવડે પોતાને બંધનથી મુક્ત કરે છે.

---

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

# સભા....સમાચાર

સં૦ ૨૦૦૭ ના આસો વદિ તેરસ ને રવિવારના રોજ બપોરના શ્રી જીવરાજભાઈ ઓધવજી દોશીના નિવાસસ્થાને સભાની મેનેજીંગ કમિટી મળી હતી, જે સમયે સં૦ ૨૦૦૬ નું સરવૈયું મંજૂર કરવામાં આવેલ. તે સરવૈયું સં૦ ૨૦૦૮ ના કા. શુ. ૭ને સોમવારના રોજ શ્રીયુત્ **વિઠ્ઠલદાસ મૂળચંદ શાહ** B. A.ના પ્રમુખપણાનીચે મળેલ જનરલ કમિટીમાં પસાર કરવામાં આવેલ છે. આ રીતે સં૦ ૧૯૯૯ થી સં૦ ૨૦૦૬ ના સાલ પર્યંતનો સભાની કાર્યવાહીનો સંક્ષિપ્ત રિપોર્ટ માગશર માસના અંકમાં પ્રગટ કરવામાં આવશે.

સં૦ ૨૦૦૮ કાર્તિક શુદિ ૧ ને બુધવારના રોજ સભાના મકાનમાં જ્ઞાન–પૂજન કરવામાં આવેલ જે સમયે ઘણા સભાસદ બંધુઓએ હાજરી આપેલ. તેમજ સભાના પ્રમુખશ્રી **જીવરાજભાઇ ઓધવજી દોશીએ** તરફથી કરવામાં આવેલ દુગ્ધપાનને ન્યાય આપવામાં આવેલ.

કાર્તિક શુદિ પંચમીના રોજ સભાના મકાનમાં ગોઠવવામાં આવેલ જ્ઞાન–દર્શનનો હજારો લોકોએ લાભ લીધેલ તેમજ કા. શુ. ૭ સોમવારના રોજ સવારના જ્ઞાનસમીપે પંચ જ્ઞાનની પૂજા ભણાવવામાં આવેલ. તેમજ બપોરના શ્રી **પ્રભુદાસ જેઠાભાઇ** તરફથી કરવામાં આવેલ ચા–પાર્ટીને ન્યાય આપવામાં આવેલ.

---

જીવનને સ્પર્શતા પ્રશ્નોને સંક્ષિપ્તમાં સમજાવતાં

અવશ્ય વાંચો. **પાંચ પુષ્પો** વસાવી લ્યો.

| | | | |
|---|---|---|---|
| ત્રણ મહાન તકો | ૦–૧૦–૦ | આદર્શ દેવ | ૦–૧૦–૦ |
| સફળતાની સીડી | ૦–૧૦–૦ | ગુરુ દર્શન | ૦–૧૦–૦ |
| સાચું અને ખોટું | ૦–૧૨–૦ | | |

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

---

## શ્રી પર્વતિથિ સ્તવનાદિ સમુચ્ચય

દરેક પર્વ તિથિઓના, વીશ સ્થાનક, નવપદ, ચોવીશે તીર્થંકરો, પર્યુષણ તથા મહત્ત્વના ચૈત્યવંદન, સ્તવન તથા સજ્ઝાય વિગેરેનો અનુપમ સંગ્રહ. પાકું કપડાનું બાઈંડીંગ અને પાંચશેં લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા ત્રણ પોસ્ટેજ અલગ.

લખો:—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા–ભાવનગર.**

---

For Private And Personal Use Only

Shri Mahavir Jain Aradhana Kendra www.kobatirth.org Acharya Shri Kailassagarsuri Gyanmandir

## સ્વાધ્યાય રત્નાવલિ

શ્રી ભરહેસરની સજ્ઝાયમાં આવતાં મહાન્ પુરુષોના જીવનને સંક્ષિપ્ત રીતે છતાં રોચક ભાષામાં વણી લેતી અને સાથોસાથ તે દરેક મહાપુરુષના જીવનને વર્ણવતી **સજ્ઝાય** યુક્ત આ ગ્રંથ અનોખી જ ભાત પાડે છે. અભ્યાસ તેમજ સામાયિકમાં વાંચન બંને માટે આ ગ્રંથ ઉપયોગી છે. છતાં મૂલ્ય માત્ર રૂા ૧–૪–૦ પોસ્ટેજ અલગ. લખો—

**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

## દેવવંદનમાળા (વિધિ સહિત)

આ પુસ્તકમાં દીવાળી, જ્ઞાનપંચમી, મૌન એકાદશી, ચૈત્રી પૂનમ, ચોમાસી, અગિયાર ગણધરો વિગેરેના જુદાં જુદાં કર્તાના દેવવંદનો આપવામાં આવ્યા છે. સ્તુતિઓ, ચૈત્યવંદનો, સ્તવનો વિધિ સહિત આપવામાં આવેલ હોવાથી આ પુસ્તક અત્યંત ઉપયોગી થઇ પડેલ છે. પાકું બાઇંડીંગ અને અઢીસો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય રૂા. ૨–૪–૦

લખો—શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર

## નિત્ય સ્વાધ્યાય સ્તોત્ર સંગ્રહ.

આશરે પાંચસો પાનાના આ ગ્રંથમાં નવસ્મરણ, જીવવિચાર, નવતત્ત્વ, દંડક લઘુ સંગ્રહણી, ત્રણ ભાષ્ય, છ કર્મગ્રંથ, બૃહત્સંગ્રહણી, લઘુ ક્ષેત્રસમાસ, કુલકો, તત્ત્વાર્થાધિગમ સૂત્ર, દશવૈકાલિક સૂત્ર, સાધુ-સાધ્વી આવશ્યક ક્રિયાનાં સૂત્રો, અતિચાર વિગેરે અનેક ઉપયોગી વસ્તુઓનો સંગ્રહ કરવામાં આવ્યો છે. આ ગ્રંથ વસાવવા જેવો છે. મૂલ્ય રૂા. ત્રણ, પોસ્ટેજ જુદું. લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા—ભાવનગર.**

## જ્ઞાનસાર (બીજી આવૃત્તિ)

ન્યાયવિશારદ ન્યાયાચાર્ય શ્રીમદ્ યશોવિજયજી ઉપાધ્યાયવિરચિત આ અપૂર્વ ગ્રંથ ઘણા વખતથી અપ્રાપ્ય હતો, તે તાજેતરમાં નવીન આવૃત્તિરૂપે પ્રગટ કરવામાં આવેલ છે. ગ્રંથ નામ પ્રમાણે જ્ઞાનામૃતના સારરૂપ છે. જ ઉપાધ્યાયજીએ પોતાની જ્ઞાનશક્તિના નીચોડરૂપ આ ગ્રંથ રચ્યો છે અને તેથી જ તે સર્વ કોઇની પ્રશંસાને પાત્ર બન્યો છે. અઢી સો લગભગ પૃષ્ઠ હોવા છતાં મૂલ્ય માત્ર રૂપિયા બે, પોસ્ટેજ અલગ.

લખો—**શ્રી જૈન ધર્મ પ્રસારક સભા-ભાવનગર.**

મુદ્રકઃ શાહ ગુલાબચંદ લલ્લુભાઇ—શ્રી મહોદય પ્રિન્ટિંગ પ્રેસ, દાણાપીઠ—ભાવનગર.

For Private And Personal Use Only